લાંબા સમય પછી સુરત જિલ્લા પંચાયતની કારોબારી સમિતિ બેઠક મળી

# સુરત જિ.પં. પશુની લોનનું વ્યાજ ચૂકવશે

**સિંચાઈ** માટેની જોગવાઈ રૂ.1 કરોડથી વધારી રૂ.1.50 કરોડ, પીવીસી પાઇપલાઇન માટે પણ રૂ.1.50 કરોડની ફાળવણી



સુરતઃ સુરત જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠક આજે અધ્યક્ષ બ્રિજેશ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. લાંબા સમય બાદ મળેલી આ બેઠકમાં એજન્ડા પરના કુલ 79 કામો ઉપરાંત અધ્યક્ષ સ્થાનેથી રજૂ કરાયેલા પાંચ વધારાના કામો પર ચર્ચા કરી સમિતિએ બહાલી આપી હતી.

હવે આ નિર્ણયો જિલ્લા પંચાયતની સામાન્ય સભાની મંજૂરી માટે રજૂ કરવામાં આવશે. આ ઉપરાંત જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી આર્થિક રીતે પછાત વર્ગના પશુપાલકોને પશુ ખરીદી માટે સહાય આપવાની યોજના હેઠળ રૂ.2 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પશુ ખરીદી માટે અન્ય સરકારી યોજનામાંથી મળતી સહાયનું બેવડું લાભ ન થાય તે બાબતને ધ્યાનમાં રાખીને, પશુ ખરીદી માટે લેવાયેલી લોનની વ્યાજની રકમ જિલ્લા પંચાયત દ્વારા ચૂકવવાનો મહત્વપૂર્ણ નિર્ણય પણ કરવામાં આવ્યો છે.

જિલ્લામાં સિંચાઈની સુવિધા વધારવા માટે લોકભાગીદારીથી નવા બોર અને કૂવા બનાવવાની યોજના માટે ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિ દ્વારા સૂચવાયેલા નીતિ-નિયમોને મંજૂરી આપવામાં આવી છે. સિંચાઈ હેતુ માટેની યોજનામાં અગાઉ રૂ.1 કરોડની જોગવાઈ હતી, જેને વધારીને રૂ.1.50 કરોડ કરવામાં આવી છે. આ ઉપરાંત સિંચાઈ માટે પીવીસી પાઈપલાઈન ઉપલબ્ધ કરાવવાની યોજનામાં પણ અગાઉની રૂ.1 કરોડની જોગવાઈ વધારીને રૂ.1.50 કરોડ કરવાનો નિર્ણય લેવાયો છે. આથી ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોને સિંચાઈનું પાણી પહોંચાડવા માટેની સુવિધાઓને વધુ વેગ મળવાની શક્યતા છે.

### જર્જરિત આંગણવાડીઓ માટે જિલ્લા પંચાયત પણ ફાળવશે વધારાનું ભંડોળ

બારડોલીના અકોટી-1, માંડવીના જામકુઈ, કસાલ-2 અને મોટીચેર-2ના આંગણવાડી કેન્દ્રોના મકાનો જર્જરીત બન્યા હોવાથી તેમના બાંધકામ માટે રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. રાજ્ય સરકારની ગ્રાન્ટ ઉપરાંત જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી પણ વધારાની રકમ ફાળવવાનો નિર્ણય લેવાયો છે. જેમાં જામકુઈ માટે રૂ.7,298, કસાલ-2 માટે રૂ.1,36,120 અને મોટીચેર-2ના બાંધકામ માટે રૂ.2,49,048 ફાળવવામાં આવશે.

### 20 પ્રાથમિક શાળામાં સ્માર્ટ ક્લાસ રૂમની તૈયારી

ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં આધુનિક શિક્ષણની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે સ્માર્ટ ક્લાસ માટે રૂ.50 લાખની જોગવાઈ કરવામાં આવી છે. આ યોજના હેઠળ આગામી તબક્કામાં આશરે 20 પ્રાથમિક શાળાઓમાં સ્માર્ટ ક્લાસની સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે. તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે રૂ.5 લાખ સુધીના પ્રોત્સાહક ઇનામના ખર્ચને મંજૂરી આપવામાં આવી છે.

### ગુણવત્તાયુક્ત વિકાસ કામો પર ભાર : બ્રિજેશ પટેલ

કારોબારી સમિતિના અધ્યક્ષ બ્રિજેશ પટેલે જણાવ્યું હતું કે જિલ્લા પંચાયતના વિકાસના કામોમાં ગુણવત્તા અને અસરકારકતાને પ્રાથમિકતા આપવામાં આવશે. કારોબારી સમિતિના તમામ સભ્યો સાથે સંકલન કરવામાં આવશે.

### મરણોત્તર ક્રિયા સહાય બમણી કરવામાં આવી

મરણોત્તર ક્રિયા માટે અગાઉ આપવામાં આવતી રૂ.5 હજારની સહાય વધારીને રૂ.10 હજાર કરવાનો નિર્ણય લેવાયો છે. પ્રસૂતિ સમયે માતાનું મૃત્યુ થાય તેવા કિસ્સામાં અગાઉ રૂ.15 હજારની સહાય આપવામાં આવતી હતી, જેને વધારીને હવે રૂ.50 હજાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# જમીનનો સાચો વેચાણ દસ્તાવેજ હશે તો હવે એ જ દિવસે નોંધ પ્રમાણિત થશે

**ખેડૂતો**-ખરીદનારાઓને રાહત; બોગસ વાંધા અને બિનજરૂરી અરજીઓથી હેરાન કરતાં તત્વો સામે રસ્તા બંધ

**અદાલત**-ટ્રિબ્યુનલના હુકમથી થતી ફેરફાર નોંધ પણ નોટિસ વિના તુરંત પ્રમાણિત થશે

ગાંધીનગરઃ ખેતીની જમીનના સાચા અને સ્પષ્ટ રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની નોંધ પ્રમાણિત કરાવવા માટે ખેડૂતો અને સામાન્ય નાગરિકોને હવે દિવસો સુધી સરકારી કચેરીના ધક્કા નહીં ખાવા પડે. તમામ ખાતેદારોની સંમતિ હોય, અગાઉથી કોઈ વિવાદ ન હોય અને વેચાણ દસ્તાવેજ કાયદેસર તથા સ્પષ્ટ હોય તો તેની નોંધ એ જ દિવસે પાડીને પ્રમાણિત કરવાની જોગવાઈ કરતું 'ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક, ૨૦૨૬' વિધાનસભામાં વિના વિરોધે પસાર કરવામાં આવ્યું છે.

વિધેયક પરની ચર્ચાનો જવાબ આપતા મહેસૂલ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે સરકારી પ્રક્રિયાની જટિલતાનો લાભ લઈ કેટલાક લેભાગુ તત્વો બિનજરૂરી અરજીઓ અને બોગસ વાંધા ઊભા કરીને ખેડૂતો અને સામાન્ય નાગરિકોને હેરાન કરતા હતા. આ પ્રકારના વિલંબનો અંત લાવવા અને કાયદેસર હક ધરાવતા સાચા ખરીદનારાઓના હિતનું રક્ષણ કરવા કાયદામાં આ મહત્વપૂર્ણ સુધારો કરવામાં આવ્યો છે. સુધારા હેઠળ 'સેમ ડે સર્ટિફિકેશન'ની જોગવાઈ કરવામાં આવી છે. એટલે કે, હકની જમીનનો સાચો અને સ્પષ્ટ રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ હોય, તમામ ખાતેદારોની સંમતિ હોય અને અગાઉથી કોઈ વિવાદ ન હોય તો નોંધ પાડીને તે જ દિવસે પ્રમાણિત કરવાની રહેશે. આથી ખેડૂતો અને ખરીદનારાઓનો સમય અને શક્તિ બચશે. આ ઉપરાંત, સક્ષમ સત્તાધિકારી, અદાલત અથવા ટ્રિબ્યુનલના આદેશ કે હુકમના આધારે થતી ફેરફાર નોંધ માટે પણ મહત્વપૂર્ણ જોગવાઈ કરાઈ છે. આવા હુકમ પ્રાપ્ત થતાં કોઈ અલગ નોટિસ આપ્યા વિના તાત્કાલિક નોંધ પાડી તેને પ્રમાણિત કરી શકાશે.રાજ્ય સરકારે આ પ્રજાલક્ષી નીતિનો અમલ તાત્કાલિક શરૂ કરવા વટહુકમ બહાર પાડ્યો હતો, જેને હવે વિધાનસભામાં વિધેયક પસાર કરીને કાયદાકીય સ્વરૂપ આપવામાં આવ્યું છે. ઈ-ધરા જેવા ડિજિટલ માધ્યમોથી જમીન વહીવટમાં પારદર્શિતા લાવ્યા બાદ હવે આ કાયદાકીય સુધારાથી વચેટિયાઓ અને નાગરિકોને બિનજરૂરી હેરાન કરતા તત્વો સામે પણ અંકુશ લાવવાનો પ્રયાસ થયો છે. વિધેયકને સત્તાપક્ષ કે વિપક્ષના કોઈ વિરોધ વિના વિધાનસભામાં સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યું હતું.

# ચોર્યાસીમાં ૬ રસ્તાની કાયાપલટ કરાશે, ૧૦ કરોડનાં કામોને મંજૂરી

**કાચા** રસ્તાથી માંડી જર્જરિત માર્ગોનું વાઈડનિંગ, સીસી રોડ, રિસર્ફેસિંગ અને ગેબિયન વોલ બનશે

સુરતઃ ચોર્યાસી વિધાનસભા મત વિસ્તારના ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તા અને કનેક્ટિવિટીની સુવિધા વધુ મજબૂત બનાવવા રાજ્ય સરકારે ૧૦ કરોડ રૂપિયાનાં વિકાસ કામોને મંજૂરી આપી છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મત વિસ્તારના ૬ મહત્ત્વના ગ્રામ્ય માર્ગોના નવીનીકરણ, પહોળાઈ વધારવા, મજબૂતીકરણ તથા નવા રોડ બનાવવાની કામગીરી હાથ ધરાશે. આ કામો પૂર્ણ થયા બાદ ગ્રામ્ય વિસ્તારો સાથે ઔદ્યોગિક વિસ્તારોની કનેક્ટિવિટી પણ વધુ સુગમ બનશે.

ચોર્યાસી વિધાનસભા મત વિસ્તારમાં ટ્રાફિકનું ભારણ ધરાવતા તેમજ લાંબા સમયથી કાચા અથવા જર્જરિત હાલતમાં રહેલા રસ્તાઓના વિકાસ માટે ધારાસભ્ય સંદીપ દેસાઈ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતના પગલે વિવિધ છ માર્ગોનાં કામો માટે કુલ રૂ.૧૦૦૦ લાખ એટલે કે ૧૦ કરોડની રકમ મંજૂર કરવામાં આવી છે.

### ક્યા રસ્તા પર કેટલું કામ?

» સણીયા કણદે એકલેરા-ડિંડોલી-ખરવાસા રોડઃ રૂ.૨૬૦ લાખના ખર્ચે ૧.૨૮૮ કિ.મી. રસ્તાને હાલની ૩.૭૫ મીટરની પહોળાઈમાંથી ૫.૫૦ મીટર કરવામાં આવશે અને મજબૂતીકરણ કરાશે. » સણીયા કણદે મોહણી-ખરવાસા રોડઃ રૂ.૧૬૫ લાખના ખર્ચે ૦.૮૦ કિ.મી.નો કાચો રસ્તો નવા ડામર રોડમાં રૂપાંતરિત કરાશે. » કરાડવા લેકસિટી-શ્રી દર્શન નહેર રોડઃ રૂ.૧૮૫ લાખના ખર્ચે ૦.૮૦ કિ.મી.ના કાચા રસ્તાને ૫.૫૦ મીટર પહોળા સીસી રોડમાં વિકસાવવામાં આવશે. » રાજગરી-રાજગરી ભટલાઈ રોડઃ રૂ.૧૯૦ લાખના ખર્ચે ૦.૬૦ કિ.મી. રોડનું નિર્માણ તેમજ ગેબિયન વોલ બનાવાશે. » લાજપોર કનસાડ સચિન-સુરત-નવસારી રોડઃ રૂ.૧૪૦ લાખના ખર્ચે ૦.૭૦ કિ.મી. રસ્તાનું રિસરફેસિંગ અને મજબૂતીકરણ કરાશે. » જૂનાગામ આહીર ફળિયા-સુંવાલી જેટી રોડઃ રૂ.૯૦ લાખના ખર્ચે ૧ કિ.મી.ના કાચા રસ્તાને ડામર રોડમાં પરિવર્તિત કરાશે.

વિધાનસભામાં પશુઆહાર-મરઘાં ચણના ગુણવત્તા નિયંત્રણનું વિધેયક પસાર

# પશુઆહારમાં ભેળસેળ કરશો તો ૧૦ લાખ દંડ અને ૧૦ વર્ષની જેલ

**નિમ્ન** કક્ષાના આહાર માટે રૂ.૫ લાખ સુધી દંડ, ભેળસેળથી પશુનું મૃત્યુ થાય તો લાઇસન્સ રદ

**ભ્રામક** બ્રાન્ડિંગ બદલ ત્રણ વર્ષ સુધી લાઇસન્સ મોકૂફ

ગાંધીનગરઃ ગુજરાતમાં પશુધન માટેના આહારની ગુણવત્તા સાથે ચેડાં કરનારાઓ સામે હવે કડક કાયદાકીય કાર્યવાહી થશે. પશુઆહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણના ઉત્પાદનથી માંડીને સંગ્રહ, વિતરણ અને વેચાણ સુધીની સમગ્ર પ્રક્રિયાને નિયમન હેઠળ લાવતું 'ગુજરાત પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણ (ઉત્પાદન, સંગ્રહ, વિતરણ, વેચાણ અને ગુણવત્તા નિયંત્રણનું નિયમન) વિધેયક-૨૦૨૬' વિધાનસભામાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું છે. નવા કાયદા હેઠળ ભેળસેળયુક્ત આહારથી પશુનું મૃત્યુ થાય તો લાયસન્સ રદ કરવાની સાથે ૭થી ૧૦ વર્ષની જેલ અને રૂ.૧૦ લાખ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

પશુપાલન મંત્રી જીતુ વાઘાણીએ વિધેયક રજૂ કરતાં જણાવ્યું હતું કે, નિમ્ન કક્ષાનો આહાર બનાવનાર સામે રૂ.૫ લાખ સુધીનો દંડ અને એક વર્ષ સુધી લાયસન્સ મોકૂફ રાખવાની જોગવાઈ છે. ભ્રામક બ્રાન્ડિંગ બદલ રૂ.૫ લાખ સુધીનો દંડ અને ત્રણ વર્ષ સુધી લાયસન્સ મોકૂફ થઈ શકે છે. ભેળસેળયુક્ત આહારના કિસ્સામાં, જો પશુનું મૃત્યુ ન થાય તો લાયસન્સ તાત્કાલિક રદ કરવા ઉપરાંત એક વર્ષની કેદ અને રૂ.૫ લાખ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે ભેળસેળયુક્ત આહારના કારણે પશુનું મૃત્યુ થાય તો આરોપી સામે સૌથી કડક કાર્યવાહી થશે. આવા કિસ્સામાં લાયસન્સ રદ, ૭થી ૧૦ વર્ષની કેદ અને રૂ.૧૦ લાખ સુધીનો દંડ ફટકારવાની જોગવાઈ કરવામાં આવી છે. ઉદ્યોગકારોને બિનજરૂરી કનડગત ન થાય તે માટે લાયસન્સની સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન અને ફેસલેસ રાખવામાં આવશે. પોતાના પશુઓ માટે ઘરે જ આહાર તૈયાર કરતા ખેડૂતો તેમજ સંશોધનના હેતુથી આહાર બનાવતા લોકોને આ કાયદામાંથી મુક્તિ આપવામાં આવી છે.

# ગ્રામસેવકો દ્વારા ૨૧મી સપ્ટે.થી ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર

**ગ્રામસેવકોએ** પડતર પ્રશ્નોને લઈ સુરતમાં કલેક્ટર-ડીડીઓને આવેદનપત્ર આપ્યું

સુરતઃ ગુજરાત રાજ્ય ગ્રામસેવક મહામંડળના આહ્વાન હેઠળ સુરત જિલ્લા ગ્રામસેવક મંડળ દ્વારા ગુરુવારે કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા ખેતીવાડી અધિકારીને આવેદનપત્ર પાઠવી પડતર પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ લાવવા માંગ કરવામાં આવી હતી. સુરત જિલ્લા ગ્રામસેવક મંડળના મહામંત્રી નરેશ મકવાણાએ જણાવ્યું હતું કે, રેવન્યુ તલાટી, પંચાયત તલાટી અને ખેતી મદદનીશના જોબચાર્ટ સાથે સંકળાયેલી પાક કાપણી અખતરા, પીએમ-કિસાન eKYC, ફાર્મર રજીસ્ટ્રી સહિતની કામગીરી ગ્રામસેવકો પર ઠોપવામાં આવી રહી છે. અન્ય કેડરની કામગીરીનો આ વધારાનો બોજ તાત્કાલિક દૂર કરવામાં આવે તેવી માંગ છે.

### તબક્કાવાર આંદોલનનો કાર્યક્રમ

- » ૯ સપ્ટેમ્બરે કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવવામાં આવ્યો હતો
- » ૧૦ સપ્ટેમ્બરે જિલ્લા કક્ષાએ આવેદનપત્ર આપવામાં આવ્યું છે.
- » ૧૪ સપ્ટેમ્બરે સરકારી વોટ્સએપ ગ્રૂપમાંથી લેફ્ટ થશે
- » ૨૧ સપ્ટેમ્બરથી તમામ ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર
- » ૨૫ સપ્ટેમ્બરે પેન ડાઉન
- » ૧ ઓક્ટોબરે માસ સીએલનો કાર્યક્રમ જાહેર કરાયો છે.
- » નિરાકરણ નહીં આવે તો ૨ ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાળ

## અનુસંધાન... પાના છેલ્લાનું

### તહેવારના ટાંકણે...

એક તરફ તહેવારોની ખરીદીનો ખર્ચ વધવાનો છે અને બીજી તરફ રસોડામાં રોજિંદા વપરાશનું તેલ પણ મોંઘું થયું છે. સિંગતેલનો 15 કિલોનો ડબ્બો રૂ.3,050 અને કપાસિયા તેલ રૂ.2,850 પર પહોંચતાં ગૃહિણીઓના માસિક બજેટ પર વધુ ભાર પડવાની સ્થિતિ સર્જાઇ છે. આગામી દિવસોમાં સૂરજમુખી, મકાઈ સહિતના અન્ય તેલના ભાવની ચાલ પર પણ ગ્રાહકોની નજર રહેશે.

### 'મગફળીનું ઉત્પાદન...

પણ સિંગતેલના ભાવને અસર કરે છે. કપાસિયા તેલના ભાવ માટે કપાસના ઉત્પાદનનો સીધો સંબંધ છે. ગુજરાતમાં 2024-25માં કપાસનું ઉત્પાદન આશરે 71.57 લાખ ગાંસડી રહ્યું હતું, જ્યારે 2023-24માં આ ઉત્પાદન 90.57 લાખ ગાંસડી હતું. એટલે એક વર્ષમાં આશરે 19 લાખ ગાંસડીનો ઘટાડો થયો છે. ગુજરાતમાં 2024-25 દરમિયાન મકાઈનું ઉત્પાદન આશરે 7.95 લાખ ટન નોંધાયું હતું.

### આરોગ્ય વિભાગ...

જીવન સાથે રમત રમતી સ્વીટ શોપ્સને તાત્કાલિક અસરથી સીલ કરવી જોઈએ અને ભારે દંડ સાથે દાખલારૂપ કાર્યવાહી કરવી જોઈએ. માત્ર મામુલી દંડ ફટકારીને કાગળ પરની કાર્યવાહી બતાવવાથી પ્રજાનું આરોગ્ય સુરક્ષિત રહી શકશે નહીં.

### હત્યાના પ્રયાસ...

જેટલા અતિ ગંભીર ગુના નોંધાયેલા છે. હાલ ઈજાગ્રસ્ત જયેશ પાટીલ પોલીસ જાપ્તા હેઠળ સારવાર લઈ રહ્યો છે અને ક્રાઇમ બ્રાંચે આ ઘટના અંગે આગળની કાનૂની કાર્યવાહી શરૂ કરી છે.

### GSTમાં હવે...

નવા સુધારાથી વેચાણ બાદ આપવામાં આવતા ડિસ્કાઉન્ટ અંગે પણ વેપારીઓને રાહત મળશે. કલમ ૧૫(૩)(બી)માં કરાયેલા સુધારા હેઠળ વેચાણ પછીના ડિસ્કાઉન્ટને મૂળ કરાર સાથે જોડવાની શરત દૂર કરવામાં આવી છે. વેચનાર ક્રેડિટ નોટ જારી કરે અને ખરીદદાર તે ડિસ્કાઉન્ટ પર મેળવેલી વેરાશાખ પરત કરે તો વેચનાર ડિસ્કાઉન્ટની રકમ વેચાણ મૂલ્યમાંથી બાદ કરીને પોતાની વેરાકીય જવાબદારી ઘટાડી શકશે. આથી અનુપાલનનો બોજ ઘટવાની સાથે અંતિમ ગ્રાહકને પણ લાભ મળવાની શક્યતા છે. નિકાસકારો માટે રિફંડની પ્રક્રિયામાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. હાલ રિફંડની અરજીના ૬૦ દિવસની અંદર રિફંડ ચૂકવવાની જોગવાઈ છે. નવા સુધારા હેઠળ ઇન્વર્ટેડ ડ્યુટી સ્ટ્રક્ચરને કારણે ઊભા થતા રિફંડના કિસ્સામાં અરજી કર્યા બાદ સાતમા દિવસે જ ૯૦ ટકા પ્રોવિઝનલ રિફંડ મળી શકશે. પરિણામે ઉદ્યોગકારોની કાર્યકારી મૂડી અટવાઈ રહેવાની સમસ્યા ઘટશે.

વેરાની ચુકવણી સાથે નિકાસ કરવામાં આવેલા માલના રિફંડના દાવામાં અત્યાર સુધી રૂ.૧,૦૦૦થી ઓછી રકમનું રિફંડ મળવાપાત્ર નહોતું. નવા સુધારા દ્વારા આ રૂ.૧,૦૦૦ની મર્યાદા દૂર કરવામાં આવી છે. હવે લાયકાત ધરાવતા નાના રિફંડના દાવા પણ ચૂકવી શકાશે.

દરમિયાન, 'જીએસટી ૨.૦' હેઠળ સામાન્ય નાગરિકોને રાહત આપતા વિવિધ વેરા દરોમાં પણ ફેરફાર કરવામાં આવ્યા હોવાનું નાણામંત્રીએ જણાવ્યું હતું. કેન્સર જેવી ગંભીર બીમારીની સારવારમાં વપરાતી દવાઓ, વ્યક્તિગત તબીબી વીમો તથા વ્યક્તિગત જીવન વીમાના પ્રીમિયમને જીએસટીમાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે. બટર, ઘી, સાબુ, શેમ્પૂ, ખેતીના ટ્રેક્ટર અને તેના ભાગો, બિયારણ સાધનો, વિવિધ મશીનરી, સ્ટેશનરી, પાણીના રંગો તથા રમતગમતના સાધનો સહિતની વસ્તુઓ પર પણ વેરાના દરમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

વેરાના દરોમાં રાહત આપવા છતાં રાજ્યની આવકનો વૃદ્ધિદર જળવાઈ રહ્યો હોવાનું જણાવતાં નાણામંત્રીએ ગુજરાતને દેશના 'ગ્રોથ એન્જિન' તરીકે વધુ મજબૂત બનાવવાની અને 'વિકસિત ભારત@૨૦૪૭'ના લક્ષ્યાંકને સાકાર કરવા 'વિકસિત ગુજરાત'ના વિઝનને આગળ ધપાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી

### નિધિ પટેલ...

આ શંકાસ્પદોની ઓળખ કરવામાં આવી છે અને હાલ તપાસ તેમના પર કેન્દ્રિત છે. પોલીસ આ શંકાસ્પદોનું બેકગ્રાઉન્ડ અને મૃતક સાથે તેમની એવી કઈ દુશ્મનાવટ કે વિવાદ હતો જેના કારણે આ ક્રૂર હત્યા થઈ, તેની માહિતી એકઠી કરી રહી છે. જે રીતે યુવતીની હત્યા કરવામાં આવી છે તેને ધ્યાનમાં રાખીને પોલીસને ચોક્કસ કારણો હોવાની શંકા છે.

ઉલ્લેખનીય છે કે, નિધિ પટેલ ૨૪ ઓગસ્ટની વહેલી સવારે તેના ઘરમાં મૃત હાલતમાં મળી આવી હતી, જ્યારે તેના માતા-પિતા યાત્રા પરથી પરત ફર્યા હતા. તે રાત્રે નિધિ ઘરમાં એકલી હતી, જેનો લાભ ઉઠાવીને કેટલાક લોકો ઘરમાં પ્રવેશ્યા હતા. ઘરમાં બળજબરીથી પ્રવેશ કર્યાના કોઈ ચિહ્નો મળ્યા ન હતા. તપાસકર્તાઓ અનુસાર, હુમલાખોરોએ યુવતીનું શોર્ટ્સના નાડા અને મોબાઈલ ચાર્જરના કેબલ વડે ગળું દબાવ્યું હતું, તેમજ બે પ્લાસ્ટિકની થેલીઓ વડે તેનું મોં દબાવીને શ્વાસ રૂંધી નાખ્યો હતો. યુવતીના ગુપ્ત ભાગો પર પણ ઈજાના નિશાન મળી આવ્યા હતા. મૃતક યુવતી કેનેડામાં ઉચ્ચ અભ્યાસ માટે જવાની તૈયારી કરી રહી હતી. તપાસ દરમિયાન ઘર બહાર આવેલી પાણીની ટાંકીમાંથી મૃતકનો તૂટેલો મોબાઈલ ફોન મળી આવ્યો હતો. ફોન ક્ષતિગ્રસ્ત હોવાથી તેમાંથી તાત્કાલિક કોઈ મહત્વની વિગતો મળી શકી ન હતી, જેથી તેને વધુ તપાસ માટે ડિરેક્ટોરેટ ઓફ ફોરેન્સિક સાયન્સ, ગાંધીનગર ખાતે મોકલવામાં આવ્યો છે. પોલીસનું માનવું છે કે આ ફોનમાંથી મહત્ત્વના સુરાગ મળી શકે છે.

### કુખ્યાત જયેશ...

બુઢાણા ગામની સીમ નજીક યુરિન અને ઊલટીનું બહાનું કાઢી ગાડી રોકાવ્યા બાદ પીએસઆઈનું સર્વિસ વેપન આંચકી ભાગવા જતાં થયેલા ફાયરિંગમાં આરોપીના પગમાં ગોળી વાગતાં તે ઘાયલ થયો હતો.

આ સમગ્ર મામલાની શરૂઆત જય દલાલ હત્યા કેસની તપાસ દરમિયાન થઈ હતી. ક્રાઈમ બ્રાંચની ટીમે ઉધના વિસ્તારના સાગર સોનવણે ઉર્ફે મણિયા ડુક્કરને મહારાષ્ટ્રના જલગાંવથી દબોચી લીધો હતો. તેની સઘન પૂછપરછ દરમિયાન મર્ડર ઉપરાંત ત્રણ ગેરકાયદે હથિયારો છુપાવ્યા હોવાની કબૂલાત સામે આવી હતી. આ હથિયારો મણિયા ડુક્કર અને જયેશ ઉર્ફે બારકુ પાટીલે સાથે મળીને અલગ-અલગ સ્થળોએથી મેળવ્યાં હતાં અને અન્ય અસામાજિક તત્ત્વોને સપ્લાય કર્યાં હતાં. આ કબૂલાતના આધારે ક્રાઈમ બ્રાંચે તાજેતરમાં બંને આરોપી સામે આર્મ્સ એક્ટ હેઠળ અલગ-અલગ ત્રણ ગુના નોંધી વધુ તપાસ આદરી હતી.

### મોટા પર...

મનપસંદ મીઠાઈઓ પોતાના પરિવાર અને બાળકો માટે ખરીદે છે, તે જ સ્થળે આરોગ્ય માટે અત્યંત જોખમી એવી ગંદકી અને વંદાઓનો ઉપદ્રવ જોવા મળતા વેપારીઓની બેદરકારી ખુલ્લી પડી ગઈ છે. નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરી રહેલા આવા વેપારીઓ સામે કડક દાખલો બેસાડવાના બદલે સુરત મહાનગરપાલિકાનો ફૂડ વિભાગ માત્ર 'ટોકન' કાર્યવાહી કરીને સંતોષ માની રહ્યો હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

### માત્ર સેમ્પલ લેવાથી પ્રજા સુરક્ષિત બની જશે?

તપાસના નામે 'કાજુ કતરી' અને 'પેંડા'ના સેમ્પલ લઈને લેબોરેટરીમાં મોકલી દેવામાં આવ્યા છે, પરંતુ જ્યાં સુધી રિપોર્ટ આવશે ત્યાં સુધીમાં તો હજારો લોકો આવી અસ્વચ્છ જગ્યાએ બનેલી મીઠાઈઓ આરોગી ચૂક્યા હશે. ગંભીર અનિયમિતતાઓ અને અસ્વચ્છતા જોવા મળ્યા છતાં આ દુકાનને સીલ કરવાના બદલે ચાલુ રાખવા દેવી, એ ફૂડ વિભાગની કામગીરી સામે મોટા સવાલો ઊભા કરે છે.


## પાલીવાલ બ્રાહ્મણ અવસાન



**સ્વ. આશાબેન**
રાજેન્દ્ર ભટ્ટ
સ્વ. તા. ૦૯-૦૯-૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે મારી ધર્મપત્ની શ્રીમતિ આશા રાજેન્દ્ર ભટ્ટ (ગામ : કંજી રો ઘડો) નિવાસી-સુરત નું દુઃખદ અવસાન ૯-૯-૨૦૨૬ ના રોજ થયેલ છે. પરમાત્મા દિવંગત ના આત્માને પરમ શાંતિ આપે. આત્માની શાંતિ માટે પ્રાર્થના સભા (બેસણુ) તા. ૧૨-૦૯-૨૦૨૬ ના રોજ સાંજે ૪-૦૦ થી ૬-૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

નિવાસ સ્થાન : ૪૪, નંદન વન સો., સેન્ટ ઝેવીયર્સ સ્કુલની પાછળ, ગ્રીન એવેન્યુ કોમલેક્ષની પાસે, મીલ્ક પેલેસ ડેરીની પાસે, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫૦૦૧

લિ. શોકાતુર ભટ્ટ પરિવાર
શ્રી રાજેન્દ્રકુમાર (રાજગુરુજી) ત્રિલોકેશ ભટ્ટ (પતિ)
ઊત્કર્ષ રાજેન્દ્રકુમાર ભટ્ટ (પુત્ર)
ઋતા ગીરીશ પ્રજાપતિ (પુત્રી) ગીરીશ કાંતિલાલ પ્રજાપતિ (જમાઈ)
શ્રીશ્રુતિ દીપ શુક્લ (પુત્રી) દીપ હિતેશ શુક્લ (જમાઈ)
ગ.સ્વ. ઉર્વશીબેન શરદચંદ્ર પુરોહિત (નાણદબા)


# વંદે માતરમ્ મુદ્દે ખેડાવાલા સામે કાર્યવાહી કરો, હર્ષ સંઘવીની માંગ

**'ખેડાવાલા** માત્ર મહોરું, પાછળ કોંગ્રેસ નેતૃત્વની માનસિકતા' : સંઘવીનો આકરો પ્રહાર

**કોંગ્રેસે** પણ હાથ ખંખેર્યા : 'ખેડાવાલાનો વ્યક્તિગત નિર્ણય'

ગાંધીનગરઃ ગુજરાત વિધાનસભામાં 'વંદે માતરમ્'ના ગાન દરમિયાન કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા ઊભા ન રહેવાના મુદ્દે આજે ભારે રાજકીય ધમાસાણ સર્જાયું હતું. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી ખેડાવાલા સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરતાં આ ઘટનાને માત્ર એક ધારાસભ્યના વર્તનનો નહીં, પરંતુ આયોજનપૂર્વકના રાજકીય પ્રયાસનો મુદ્દો ગણાવ્યો હતો. સંઘવીએ સમગ્ર ઘટનાના વીડિયો રેકોર્ડિંગની ઝીણવટભરી તપાસ કરાવી મામલો વિશેષાધિકાર સમિતિ અથવા એથિક્સ કમિટી સમક્ષ મોકલવાની માંગ કરી હતી.

દરમિયાન અધ્યક્ષ શંકર ચૌધરીએ મામલાની ગંભીરતા ધ્યાને લઈ પોતાનું રૂલિંગ અનામત રાખ્યું હતું.હર્ષ સંઘવીએ આકરો પ્રહાર કરતાં કહ્યું હતું કે ઈમરાન ખેડાવાલા માત્ર 'મહોરું' છે અને આ ઘટનાની પાછળ કોંગ્રેસ નેતૃત્વની માનસિકતા છે. બીજી તરફ, કોંગ્રેસના સિનિયર સભ્યો અમિત ચાવડા અને શૈલેષ પરમારે સ્પષ્ટ કર્યું હતું કે ખેડાવાલાએ જે કર્યું તેની સાથે કોંગ્રેસને કોઈ લેવાદેવા નથી અને વંદે માતરમ્ દરમિયાન બેસી જવાનો નિર્ણય તેમનો વ્યક્તિગત હતો.

### લઠ્ઠાકાંડ મુદ્દે કોંગ્રેસનું વિધાનસભા પરિસરમાં પ્રદર્શન

ગાંધીનગરઃ ભાવનગર લઠ્ઠાકાંડના મુદ્દે કોંગ્રેસના ધારાસભ્યોએ આજે વિધાનસભા પરિસરમાં અનોખી રીતે વિરોધ પ્રદર્શન કર્યું હતું. કોંગ્રેસના ધારાસભ્યો એપ્રન પહેરીને વિધાનસભા પરિસરમાં પહોંચ્યા હતા. આ દરમિયાન પોલીસે તેમને રોકતાં ધારાસભ્યો અને પોલીસ વચ્ચે ઘર્ષણ તથા ધક્કામુક્કીની સ્થિતિ સર્જાઈ હતી. વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરી, પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અને ધારાસભ્ય અમિત ચાવડાની સાથે સુરતના પ્રમુખ વિપુલ ઉધનાવાળા, અગ્રણી હરીશ સૂર્યવંશી સહિત કોંગ્રેસના ધારાસભ્યોએ લઠ્ઠાકાંડ અને રાજ્યમાં કથળતી કાયદો-વ્યવસ્થાની સ્થિતિના મુદ્દે સરકાર સામે વિરોધ નોંધાવ્યો હતો. વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસે રાજ્યના ગૃહમંત્રીના રાજીનામાની પણ માંગ કરી હતી.

# તહેવારો માટે બે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન જાહેર, બંને સુરત થઈને દોડશે

**પર્યુષણ**-દિવાળીના તહેવારોમાં ભીડ માટે રેલવેનો નિર્ણય

સુરતઃ પર્યુષણ અને દિવાળીના તહેવારોને લઈ મુસાફરોની વધતી ભીડને ધ્યાનમાં રાખી પશ્ચિમ રેલવેએ બે જોડી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય કર્યો છે. આ બંને ટ્રેનો વિશેષ ભાડાં પર દોડાવવામાં આવશે.

પહેલી ટ્રેન બાંદ્રા ટર્મિનસ-ભાવનગર ટર્મિનસ સ્પેશિયલ છે. આ ટ્રેન 15 સપ્ટેમ્બર, સોમવારના રોજ બાંદ્રા ટર્મિનસથી સાંજે 19:25 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે 10:30 વાગ્યે ભાવનગર પહોંચશે. જ્યારે પરતમાં ભાવનગર-બાંદ્રા સ્પેશિયલ 16 સપ્ટેમ્બર, બુધવારના રોજ ભાવનગરથી સાંજે 17:40 વાગ્યે ઉપડી બીજા દિવસે સવારે 7:25 વાગ્યે બાંદ્રા પહોંચશે. બીજી ટ્રેન દાદર-હઝરત નિઝામુદ્દીન સાપ્તાહિક સુપરફાસ્ટ એસી સ્પેશિયલ છે. આ ટ્રેન દર ગુરુવારે દાદરથી મધરાત્રે 00:15 વાગ્યે ઉપડશે અને તે જ દિવસે રાત્રે 21:35 વાગ્યે નિઝામુદ્દીન પહોંચશે. આ ટ્રેન 15 ઓક્ટોબરથી 26 નવેમ્બર, 2026 સુધી દોડશે. જ્યારે પરતમાં હઝરત નિઝામુદ્દીન-દાદર દર મંગળવારે રાત્રે 23:45 વાગ્યે ઉપડી બીજા દિવસે રાત્રે 22:40 વાગ્યે દાદર પહોંચશે. આ ટ્રેન 13 ઓક્ટોબરથી 24 નવેમ્બર સુધી દોડશે.

### સુરત-ઉધનાથી બિહાર-રાજસ્થાનની સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવાયા

સુરતઃ તહેવારોની ભીડને ધ્યાનમાં રાખી પશ્ચિમ રેલવેએ 7 જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવ્યા છે. બાંદ્રા-ભગત કી કોઠી સાપ્તાહિક સ્પેશિયલ (04828) હવે 4 ઓક્ટો.થી 1 નવે. સુધી અને પરત ટ્રેન (04827) 3 થી 31 ઓક્ટો. સુધી દોડશે. વલસાડ-હિસાર સ્પેશિયલ (04728/04727) 15 ઓક્ટો.થી 26 નવે. સુધી લંબાવાઈ છે. ઉધનાથી બિહાર જતી ચાર ટ્રેનોને સપ્ટેમ્બર અંત સુધી એક્સટેન્શન મળ્યું છે. ઉધના-મધુબની (09045) 27 સપ્ટે. સુધી, (09151) 30 સપ્ટે. સુધી, ઉધના-ઝાંઝરપુર (09047) 27 સપ્ટે. સુધી અને ઉધના-હસનપુર રોડ (09031) 27 સપ્ટે. સુધી દોડશે. આ ઉપરાંત અમદાવાદ-દરભંગા સ્પેશિયલ (09465) 27 નવે. સુધી લંબાવાઈ છે. કોરિડોર બ્લોકને કારણે 09031/09032 ટ્રેન 20 અને 22 સપ્ટેમ્બરથી પ્રયાગરાજને બદલે સુબેદારગંજ ઊભી રહેશે. બુકિંગ 11 સપ્ટેમ્બરથી શરૂ થશે.


## Surat Municipal Corporation North Zone (Katargam)

FIT INDIA

E-Tender (Online) Invitation Notice: DEPUTY MUNICIPAL COMMISSIONER/NZ/05/2026-27 the Tenders are invited online on https://smctender.nprocure.com from Experienced Government approved Contractor with following schedule:

| NAME OF DEPARTMENT | NO. OF WORK | TOTAL ESTIMATED COST |
|---|---|---|
| ROAD | 03 | 1,58,81,025.48 + GST |
| HOUSING | 04 | ------------------- |
| LAND & ESTATE | 02 | ------------------- |
| LIGHT | 01 | 12,00,000.00 + GST |
| BHARAT RATNA ATAL-BIHARI VAJPAYEE AUDITORIUM | 01 | ------------------- |
| GARDEN | 01 | 20,74,800.00 |

The details tender notice will be made available on website www.suratmunicipal.gov.in

NO. P.R.O/223/2026-27
DATE :- 10 /09 /2026

Deputy Municipal Commissioner
North Zone (Katargam)
Surat Municipal Corporation



## સુરત મહાનગરપાલિકા જાહેર નોટીસ

FIT INDIA

સગરામપુરા વોર્ડ નં.૦૨, સીટી સર્વે નં.૩૦૦૯ થી નોંધાયેલી મિલ્કત બાબતે જાહેર ચેતવણી

શહેર સુરતના સગરામપુરા વોર્ડ નં.૦૨, સીટી સર્વે નં.૩૦૦૯ થી નોંધાયેલી મિલ્કત કે જેનું ક્ષેત્રફળ સીટી સર્વે દફતર મુજબનું ક્ષેત્રફળ ૩૬.૭૯૯૭ ચો.મી. તથા હાલ સત્તા પ્રકાર 'એ' તરીકે નોંધાયેલ છે તે વિગતની મિલ્કત સુરત મહાનગરપાલિકાની પાણીની ટાંકી તરીકે નોંધાયેલ છે. ઉપરોક્ત મિલ્કત બાબતે સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સુરત - ૨ ના એ સીટીએસ/વોર્ડ ૨/રિમાન્ડ કેસ (જુનો) ૮૩/૨૦૧૫, રિમાન્ડ કેસ (નવો) ૫૨/૨૦૧૬ ના કામે તા.૦૪/૦૮/૨૦૧૬ થી ફરમાવેલ હુકમ અનુસાર સત્તા પ્રકાર 'ઈ' માં સુધારો કરી સત્તા પ્રકાર 'એ' કરીને ધારણકર્તા તરીકે ઝુબેદાબાનું તે અબ્દુલ કાદરની વિધવા વિગેરેના નામો દાખલ કરવાનો હુકમ ફરમાવેલ છે. ઉપરોક્ત બાબતે ઉત્તરો ઉત્તર પ્રકરણોને આધીન મહે. જિલ્લા કલેકટરશ્રી, સુરતનાએ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ હુકમ ફરમાવી મિલ્કતના સીટી સર્વે દફતરે યથાવત સ્થિતિ જાળવી રાખવા હુકમ ફરમાવેલ છે. તેમજ ઉપરોક્ત જમીન મિલ્કત પરત્વે હાલ સીટી સર્વે દફતરે નોંધાયેલ વ્યક્તિઓ દ્વારા ત્રાહિતને મિલ્કત તબદીલ કરવાના ઈરાદા સાથે વેચાણ અંગેની જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે. જેથી ઉપરોક્ત જમીન મિલ્કત બાબતે સુરત મહાનગરપાલિકા અને જાહેર જનતાનું હિત સમાયેલ હોય કોઈપણ વ્યક્તિ, સંસ્થા વિગેરે દ્વારા હાલના રેકર્ડ ઉપરના ખાનગી વ્યક્તિઓ સાથે કોઈપણ પ્રકારે ખરીદ વેચાણ સહિતના કોઈપણ વ્યવહારો તેમજ કબ્જા ફેરફારની કાર્યવાહી કરવી કરાવવી નહી તેમ છતાં સદર બાબતે કોઈ વ્યવહાર કરવામાં આવશે તો કાયદેસર રાહે જવાબદારો સામે કાર્યવાહી કરવાની ફરજ પડશે જેની જાહેર જનતાને નોંધ લેવી.

નં.પી.આર.ઓ /૨૨૪ /૨૦૨૬-૨૭
તા. ૧૦/૦૯/૨૦૨૬

ઈ.ચા.ટાઉન પ્લાનર
ટાઉન પ્લાનીંગ વિભાગ
સુરત મહાનગરપાલિકા